તા.૦૪/૦૩/૨૦૨૩

પ્રતિ,

તંત્રીશ્રી,

દૈનિક .............

# રૈયા રોડ ઓવરબ્રિજ મુદ્દે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હકીકતલક્ષી ચકાસણી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૈયા જંકશન પર બનાવવામાં આવેલ ઓવરબ્રિજમાં ગાબડું પડવાના ગઈકાલ સમાચાર મળતા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હકીકતલક્ષી ચકાસણી હાથ ધરવામાં આવેલ છે, તેમ મેયરશ્રી ડૉ.પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ અને મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરાએ જણાવ્યું હતું.

વધુમાં મેયરશ્રીએ સબંધક અધિકારીશ્રીને તપાસ કરવા તેમજ અન્ય ઓવરબ્રિજોની ચકાસણી કરવા જણાવતા વેસ્ટ ઝોન કચેરીના એન્જીનિયરશ્રીઓ દ્વારા રૈયા જંકશન બ્રિજની તપાસ કરતા જોઇન્ટની જગ્યામાં પોપડુ પડેલ અને આ પોપડુ પડવાથી કોઈ ગંભીર સમસ્યા નથી. બ્રિજ બંધ રાખવો પડે તેવો કોઈ પ્રશ્ન નથી. પડેલ ગાબડું આજરોજ રીપેર કરી આપવામાં આવશે.

વિશેષમાં, મેયરશ્રીની સુચના અનુસાર અન્ય બ્રિજના જોઇન્ટ ચકાસવાના અનુસંધાને ગઈકાલ રાતના ફાયરબ્રિગેડની મદદથી અન્ય બ્રિજની ચકાસણી કરવામાં આવેલ અને આજરોજ પણ બાકી બ્રિજની ચકાસણી કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાના કોઇપણ પ્રોજેક્ટ ટેન્ડરની શરતો અને ક્વોલિટી મુજબ પ્રોજેક્ટ બને તે માટે અધિકારીશ્રીઓને તાકીદ કરેલ હતી.

(પી.એ.ટુ મેયર)